BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

Azadi Ka Amrit Mahotsav

**પરીપત્ર**

**વિષય : DMLT ની પરીક્ષામાં ઈન્ટર્નલ (થીયરી તેમજ પ્રાયોગીક) માર્કસની એન્ટ્રી શરૂ કરવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન DMLT કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે, **જુન-૨૦૨૨** દરમ્યાન ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા લેવાયેલ **DMLT** પરીક્ષાની ઈન્ટર્નલ (થીયરી તેમજ પ્રાયોગીક) પરીક્ષાઓનાં માર્કસની એન્ટ્રી માટેની પ્રારંભ થવાની તારીખ તથા પૂર્ણ થવાની તારીખની વિગત નીચે મુજબ દર્શાવવામા આવેલ છે.

| પરીક્ષાનું નામ | એન્ટ્રી પ્રારંભ થવાની તારીખ | એન્ટ્રી પૂર્ણ થવાની તારીખ |
|---|---|---|
| **DMLT** | ૦૭/૦૯/૨૦૨૨ | ૦૯/૦૯/૨૦૨૨ |

**ખાસ જણાવવાનું કે,**

૧. ઉપર્યુક્ત છેલ્લી તારીખ બાદ કરવામાં આવતી એન્ટ્રી સોફ્ટ્વેર સ્વીકારશે નહી.

૨. ઈન્ટર્નલ પ્રાયોગીક પરીક્ષાઓનાં માર્કસની એન્ટ્રી પૂર્ણ થયા બાદ SAVE કરીને જ માર્કસ એન્ટ્રી લોક કરવાની રહેશે. માર્કસની એન્ટ્રી SAVE કર્યા સીવાય માર્કસ એન્ટ્રી લોક કરવામાં આવશે તો તેવા સંજોગોમાં સોફ્ટ્વેર માર્કસની એન્ટ્રી સ્વીકારશે નહી.

3. ઈન્ટર્નલ પ્રાયોગીક પરીક્ષાઓનાં માર્કસની એન્ટ્રી પૂર્ણ થયા બાદ જો કોઇ ભુલ હોય તો જરૂરી સુધારો કરી, ચેકલીસ્ટની પ્રિન્ટ કાઢી કોલેજ/કેન્દ્રએ ચેકલીસ્ટની ખરાઇ કરી લેવાની રહેશે. આચાર્યશ્રી તથા વિષય અધ્યાપકશ્રીએ સહી સિક્કા કરી તેને સર્ટીફાઈડ કરીને વિદ્યાર્થીના ધ્યાને જાણ અર્થે નોટીસ બોર્ડ પર મુક્વાનું રહેશે તેમજ કોલેજનાં રેકોર્ડ ઉપર રાખવાનું રહેશે. યુનિવર્સિટીને જરૂરી લાગશે તો મંગાવે ત્યારે તે નકલ પરીક્ષા વિભાગમાં જમાં કરાવવાની રહેશે.

૪. છેલ્લી તારીખ બાદ સુધારો કરી શકાશે નહી અને જો ભૂલ આવેલ હશે તો પરીણામ જાહેર થયા પહેલા દંડાત્મક ફી ભરી સુધારો કરવાનો રહેશે, યુનિવર્સિટી દ્વારા પરીણામ જાહેર થયા બાદ કોઇ પણ સંજોગોમાં ઈન્ટર્નલ પ્રાયોગીક પરીક્ષાઓનાં માર્કસમાં યુનિવર્સિટી દ્વારા ફેરફાર કરી આપવામાં આવશે નહી. જેની નોંધ લેવી.

૫. ઈન્ટર્નલ પ્રાયોગીક પરીક્ષાઓનાં માર્કસની એન્ટ્રી દરમ્યાન કોલેજ ના User Name તથા Password અપાયેલ છે તેનો જ ઉપયોગ કરવો અને તે માહિતી લીક ન થાય તે અંગેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે જે સવિનય વિદિત થાય.

ઉપર મુજબની જાણ કોલેજના શૈક્ષણિક/બિનશૈક્ષણિક કર્મચારીઓના ધ્યાન ઉપર મુકવા અને જરૂરી વ્યવસ્થા ગોઠવવા યોગ્ય કરશોજી.

**ખાસ નોંધ:-**

૧. **ઉપરોક્ત કામગીરી માટે નોવેલ કોરોના વાઇરસ COVID-19 અંગે સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કર્મચારીઓએ માસ્ક પહેરી (ફેસ કવર) તેમજ સામાજિક અંતર જાળવી ઉપરોક્ત કામગીરી કરવાની રહેશે.**

ડી. ડી. એમ. ચુનડીયા
**પરીક્ષા નિયામક**

નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૧૩૮૫/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-3૬૨૨૬૩
તા. ૦૬/૦૯/૨૦૨૨

**પ્રતિ,**
યુનિ સંલગ્ન DMLT કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ તરફ...

**નકલ સવિનય રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી (૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે.)